જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦      ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૧/૨૦૧૭ શનિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-                    સમાચાર યાદી નં.૪૧/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૦૯ કેસ કરી, ૦૭ વ્યક્તિઓને ઝડપી, ૪૫ લીટર દેશી દારૂ, ૪૮ બીયર ટીન અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૪ કેસ કરી ૩૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૭૯,૨૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

[

## તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-                    સમાચાર યાદી નં.૪૨/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ હેઠળ ૦૨ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૨ વ્યક્તિની અટકાયત કરી હતી.

## વિશ્વાસઘાત અને છેતરપીંડી :-                    સમાચાર યાદી નં.૪૩/૧૭

**ક્રાઇમબ્રાન્ચ** : રૂતિક S/O વિનુભાઇ ગાંડાભાઇ પટેલ (ઉ.વ.૨૯)(રહે,નળકુંજ સોસાયટી, વિઠ્ઠલનગર ચાર રસ્તા પાસે, કેમ્પ રોડ, શાહીબાગ) એ તા.૬/૧/૧૭ નારોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૩૧/૧૨/૧૬ થી તા.૦૪/૦૧/૧૭ ના કલાક ૧૧/૦૦ વાગ્યા સુધીનાં સમયગાળા દરમ્યાન અજાણ્યા ઇસમે મોબાઇલ નંબર ૯૩૭૪૮૯૪૦૪૯ નું બીજુ નવુ સીમકાર્ડ ખોટા ડોક્યુમેન્ટ રજુ કરી મેળવી, જે આધારે ઇલેટ્રોનીક માધ્યમથી નેટનો ઉપયોગ કરી, તેમજ રૂતીકનું ઇમેલ આઇ.ડી. હેક કરી, રૂતીકનાં બેન્ક એકાઉન્ટમાંથી તા.૦૩/૦૧/૧૭ તથા તા.૦૪/૦૧/૧૭ ના રોજ અજાણ્યા ICICI બેન્કનાં એ.નં. 106505500425 માં રૂ.૬,૦૦,૦૦૦/- તથા HDFC બેન્કનાં એ.નં. 50100173311035 માં રૂ.૨,૦૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮,૦૦,૦૦૦/- રૂતીકની જાણ બહાર ખોટી રીતે ઓન લાઇન ટ્રાન્સફર કરી, રૂતીકના બેન્ક એકાઉન્ટમાંથી રૂપિયા ઉપાડી લઇ રૂતીક સાથે છેતરપીડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.એસ.ગેડમ ચલાવે છે.

**નવરંગપુરા** : નિપમભાઇ પ્રવિણભાઇ (ધંધો:- એસ્ટેટ બ્રોકર, રહે, રમેશ પાર્ક સોસાયટી ઉસ્માનપુરા) એ તા.૬/૧/૧૭ નારોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૮/૧૨/૧૬ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે નવરંગપુરા સી.જી.રોડ નિર્મળ સ્વસ્તીક ફ્લેટ સ્વસ્તીક સોસાયટી ખાતે બીજા માળે ફ્લેટ નં.૨૦૨ ખાતે આરોપી રાહુલ રાજ તથા એક અજાણ્યો ઇસમ નાઓએ ભેગામળી, રાહુલ રાજે નિર્મળ સ્વસ્તીક ફલેટ ખાતે પોતાનો ફલેટ નહીં હોવા છતાં, તે ફ્લેટ સસ્તા ભાવે વેચાણથી આપવાની લાલચ આપી, નિપમભાઇ પાસેથી ટોકન પેટેના રૂપિયા ૨૫,૫૦,૦૦૦/- લઇ લીધા બાદ આરોપી રાહુલ રાજે “પોતાના ભાઇ પાસેથી બાનખત લઇ આવું” તેમ કહી ટોકનનાં નાણા લઇ જતો રહી, નિપમભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.રાઠોડ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ઘરફોડઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૪/૧૭</u>**

**સોલા હાઇકોર્ટ** : પ્રકાશચંદ્ર હરીહર ઉપાધ્યાય (ઉ.વ.૬૮)(રહે,રઘુકુળ બંગ્લોજ, ગુલાબ ટાવર, થલતેજ સોલા) એ સોલા હાઇકોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૧/૧૭ બપોરના ૨/૦૦ થી તા.૬/૧/૧૭ ના કલાક ૪/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરનાં મુખ્ય દરવાજાનું લોક તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ઘરમાંથી સોના-ચાંદીના દાગીના કુલ કિંમત રૂપિયા ૧,૮૮,૫૦૦/- મત્તાનાં ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.મેઘાણી ચલાવે છે.

**મેઘાણીનગર** : ડો.દેવેન્દ્રકુમાર મુન્સીભાઇ દીવાકર (રહે,આદર્શ સોસાયટી, મેઘાણીનગર) એ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૫/૧/૧૭ રાતના ૯/૦૦ થી તા.૬/૧/૧૭ ના કલાક ૫/૩૦ વાગ્યા દરમ્યાન આશિષનગર સોસાયટીની બહાર દુકાન નં-૧૦૦ માં આવેલ અગ્નિકર્મ નામના પોતાનાં દવાખાનાનાં શટલનું લોક તોડી, અજાણી વ્યક્તિ દવાખાનામાં પ્રવેશ કરી, ટેબલના ડ્રોવરમાંથી અને તીજોરીમાંથી રોકડ રૂપિયા ૯૧,૦૦૦/- અને સેમસંગ કંપનીનો મોબાઇલ કિંમત રુપિયા ૫૦૦/- મળી કુલ કિંમત રૂપિયા ૯૧,૫૦૦/- મત્તાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.પી.પટેલ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૫/૧૭</u>**

**શાહપુર** : ઇક્ષિતા ડો/ઓ વિજયભાઇ દાતણીયા (ઉ.વ.૧૮)(રહે, ગોવીંદ કાશીરામની પોળ મંગળપારેખ નો ખાંચો શાહપુર) એ કોઇ અગમ્ય કારણસર તા.૦૬/૦૧/૧૭ બપોરના ૧/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરના ઉપરના માળે લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી.આ અંગે શાહપુર પોલીસે અકસ્માતમોત નોંધી આ અંગેની તપાસ પોસઇ.શ્રી પી.કે.અસોડા ચલાવે છે.

**રીવરફ્રન્ટ (વેસ્ટ)** : **(૧)** પારૂલ વા/ઓ શૈલેષભાઈ ગોહીલ (ઉ.વ.૩૨)(રહે,લાંભાગામ ઠાકોરવાસ, લક્ષ્મીપુરા) એ તેમની સાસુ સાથે કોઈ કારણોસર ઝગડો થતાં મનમાં લાગી આવતાં તા.૬/૦૧/૧૭ ના કલાક ૯/૩૦ વાગ્યાનાં સુમારે સરદારબ્રીજ ઉપરથી સાબરમતી નદીના પાણીમાં ઝંપલાવી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.જી.ડાભી ચલાવે છે.

**(૨)** ગીરીશકુમાર દશરથભાઈ મહેરીયા (ઉ.વ.૪૫)(રહે.આંબેડકર વાસ, ગામ–સરોડા, તા-ધોળકા, જિ.-અમદાવાદ) એ કોઇ અગમ્ય કારણસર તા.૬/૦૧/૧૭ બપોરના ૪/૪૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે એન.આઈ.ડી. પાછળ સાબરમતી નદીમાં ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી આલાભાઈ વજસીભાઈ ચલાવે છે.

**નાયબ પોલીસ કમિશનર,**
**કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.**
**પોલીસ કમિશનર વતી.**



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)